# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૬ જુલાઈ, ૨૦૧૫ (સોમવાર)

### 1) ૬ જુલાઈ :–

- પ્રખ્યાત ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણીની ૧૩મી પુણ્યતિથિ.
- બાબુ જગજિવનરામની ૨૯ મી પૂણ્યતિથિ. તેમનું સમાધી સ્થળ :– સમતા ઘાટ

### 2) કલમ બાવા :–

- ભારતના સૌથી નામાંકીત જીવવિજ્ઞાની અને ક્રાંતિકારી પર્યાવરણ શાસ્ત્રી કમલ બાવાની બ્રિટનની પ્રતિષ્ઠિત રોયલ સોસાયટીમાં પસંદગી કરવામાં આવી છે.
- ૧૬૬૦માં રચાયેલી લંડન સ્થિત રોયલ સોસાયટી દુનિયાની સૌથી જૂની વિજ્ઞાની સંસ્થા છે.
- કમલ બાવાએ બેંગલુરૂમાં અશોકા ટ્રસ્ટ ફોર રિસર્ચ ઈન ઈકોલોજી એન્ડ ધ એન્વાયરમેન્ટ (એટીઆરઈઈ) ની રચના કરી છે.

### 3) વર્ષ ૨૦૧૪ – ૧૫માં રકતદાનમાં ગુજરાત પાંચમાં ક્રમે :–

- વર્ષ ૨૦૧૪ – ૧૫ દરમિયાન દેશમાં કુલ ૧૦૩૫૭૪૨૧ યુનિટ રકત એકત્ર થયું હતું.
- સૌથી વધુ રકત એકત્ર કર્યુ હોય તેના મહારાષ્ટ્ર મોખરાનું સ્થાન મેળવે છે. મહારાષ્ટ્રમાંથી કુલ ૧૫૬૨૩૯૩ યુનિટ એકત્ર થયું હતું.
- આ યાદિમાં પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહયા હતા.
- જયારે ગુજરાત ૮૦૩૯૮૪ યુનિટ બ્લડ સાથે પાંચમાં ક્રમે રહયું હતું.

### 4) કોપા અમેરિકા ચેમ્પિયનશીપ :– ફૂટબોલ

- આર્જેન્ટિનાને ફાઈનલમાં હરાવીને ચિલી કોપા અમેરિકામાં ચેમ્પિયન.
- ૧૯૧૬ થી શરૂ થયેલી અમેરિકા ચેમ્પિયનશીપમાં ચિલી શરૂઆતથી જ રમતું આવ્યું છે.
- ૯૯ વર્ષમાં ચિલીનું આ પ્રથમ ટાઈટલ છે.
- ચિલીના ગોલકિપર કલાઉડીયો બ્રાવોને ગોલ્ડન ગ્લોઝ અને વર્ગોસને ગોલ્ડન બુટ એવોર્ડ.
- ચિલી કેપ્ટન :–
- આર્જેન્ટિના કેપ્ટન :–

### 5) બ્રિટિશ ફોર્મ્યુલા – ૧ ચેમ્પિયનશીપ :–

- મર્સિડિઝના લૂઈસ હેમિલ્ટને સતત બીજા વર્ષે બ્રિટિશ ફોર્મ્યુલા – ૧ નો ખિતાબ પોતાના નામે કર્યો.
- તેની જ ટીમનો નિકો રોસબર્ગ બીજા અને ફરારીનો સેબેસ્ટિયન વેટ્ટલ ત્રીજા ક્રમે રહયો હતો.

### 6) અબ્દુલ્લા હુસેન :–

- લોકપ્રિય પાકિસ્તાની ઉર્દુ નવલકથાકાર અબ્દુલ્લાહ હુસેનનું તાજેતરમા લાહોર ખાતે અવસાન.
- અબ્દુલ્લાહ હુસેનનો જન્મ ૧૪ ઓગસ્ટ, ૧૯૩૧ના રોજ ગુજરાતમાં થયો હતો.
- તેમનું સાચું નામ :– મોહંમદ ખાન
- તેમની પ્રખ્યાત નવકથાઓ :–
  – 'ઉદાસ નસલે' , 'બાઘ', 'નાદાર લોગ'

### 7) ડિજિટલ ઈન્ડિયા વીથ લાડો :–

- હરિયાણાના બીબીપુરની ગ્રામપંચાયતે 'ડિજિટલ ઈન્ડિયા વીથ લાડો' ઝુંબેશ આરંભી.
- આ ઝુંબેશ અંતર્ગત ગામના દરેક ઘરની બહાર ઘરના મોભીના બદલે ઘરની દીકરીના નામ અને ઈ – મેઈલ આઈડી સાથેની નેમપ્લેટ 'ડિજિટલ ઈન્ડિયા વીથ લાડો' ટેગલાઈન લગાડવામાં આવે છે.
- નેમપ્લેટ લગાવવાનો ખર્ચ પંચાયત ભોગવશે.
- બીબીપુર ગામના સરપંચ :– સુનિલ જગલા
- અગાઉ પણ બીબીપુરના ગામના રહેવાસીઓએ 'બેટી બચાવો, સેલ્ફી બનાઓ' ઝુંબેશ આરંભી હતી.

Vivekanand Academy, Gandhinagar